# શાળા પ્રવેશોત્સવ અહેવાલ

## કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા

તારીખ -25/06/2026

વાર - ગુરુવાર

## ➢ પ્રસ્તાવના

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા દરેક બાળકને શિક્ષણનો અધિકાર મળે અને કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે હેતુથી દર વર્ષે પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવે છે

## ➢ પ્રવૃત્તિના હેતુ

પ્રવેશોત્સવની ઉજવણી વિધાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવી શિક્ષણ સાથે જોડાવા અને નવા વિદ્યાર્થીઓનું હર્ષોલ્લાસપૂર્વક સ્વાગત કરીને શાળા પ્રત્યે આત્મીય અને રસ વધારવા તેમજ વાલીઓમાં શિક્ષણનું મહત્વ સમજાવી જાગૃતિ લાવી શકાય.

## ➢ પ્રવૃત્તિની વિગત

આજરોજ કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા તારીખ -25/06/2026 ગુરુવાર ના રોજ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ

કાર્યક્રમ 2026 ભવ્ય રીતે યોજવામાં આવ્યો.આ દિવસે જેમાં મહીસાગર જિલ્લાપંચાયત ના પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવાર ઉપસ્થિત રહ્યા હતા અને લુણાવાડા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને કોપોરેટર શ્રી બિન્દ્રાબેન શુક્લા, ડોક્ટર મૃણાલ મકવાણા કોપોરેટર શ્રી લુણાવાડા નગરપાલિકાઅને વિરોધ પક્ષના નેતા અને કોપોરેટર લુણાવાડા નગરપાલિકા શ્રી રાકેશભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.સૌ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કરી અને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. શાળાના આચાર્યશ્રી એચ વાય પટેલ સાહેબે મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું . ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છ, સાલ મોમેન્ટો અને પુસ્તક અર્પણ કરીને શાળામાં નવા પ્રવેશ વિધાર્થીઓએ સ્વાગત કર્યું હતું ઉપસ્થિત મંચસ્થ તમામ મહાનુભાવો એ ધોરણ 9/11 માં પ્રવેશ લેનાર તમામ વિદ્યાર્થીઓને પુસ્તક કીટનું વિતરણ કરી શાળામાં પ્રવેશ અપાવ્યો હતો ત્યારબાદ શાળાના તેજસ્વી તારલાઓનું સન્માન જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી એ વિધાર્થીઓને મોબાઇલનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો અને શ્રેષ્ઠ પરિણામ લાવવા માટે શીખતા રહેવું તે માટે પ્રેરણા પૂરું પાડી માર્ગદર્શન આપ્યું હતું.

આ શાળાના મદદનીશ શિક્ષક શ્રી દિનેશભાઈ દ્વારા તમામ મંચસ્થ મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો અને કાર્યક્રમ ના અંતે તમામ મંચસ્થ મહાનુભાવના હસ્તે વૃક્ષારોપણ શાળાના મેદાનમાં કરવામાં આવ્યું હતું.




માધ્યમિક વિધાલય
હાર્દિક સ્વાગત કરે છે.




કિસાન માધ્યમિક વિદ્યાલય
આપનું હાર્દિક સ્વાગત કરે છે.


શ્રી પરિમલ મંડળ સંચાલિત
કિસાન માધ્યમિક વિદ્યાલય
આપનું હાર્દિક સ્વાગત કરે છે.


નગરપાલિકા
લુણાવાડા

# Summary of Annotations